# અરવલ્લીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## અનરાધાર વરસાદથી સર્વત્ર પાણી પાણી : લાંબા સમયથી વરસાદની રાહ જોતા જિલ્લાના ભૂમિપુત્રોએ રાહતનો દમ લીધો





અરવલ્લી, તા. ૪

અરવલ્લી જિલ્લામાં જૂન માસમાં મેઘરાજાએ જાણે રીસામણા લીધા હોય તેમ પંદર દિવસના વિલંબથી શરૂ થયેલા રવિવારે વરસાદી વાદળો આકાશે ચઢી આવ્યા હતા પરંતુ તેજ પવનની ગતિ સાથે વાદળો વેરાતા કાગડોળે વરસાદની રોહ જોતા પ્રજાજનો અને ભૂમિપુત્રો ચિંતામાં ઘરકાવ થઈ ગયા હતા. પરંતુ રવિવારે મોડી રાત્રે શરૂ થયેલ ધમાકેદાર મેઘરાજાની એન્ટ્રીથી સર્વત્ર પાણી પાણી સાથે જળબંબાકાર સ્થિતિ સર્જાઈ હતી. જિલ્લાના માલપુર, બાયડ, મેઘરજ, ધનસુરામાં મેઘરાજાની અનરાધાર સવારીથી બજારોમાં, બસસ્ટેન્ડ વિસ્તાર અને રહેણાંક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ હતી. માલપુર તાલુકામાં ૩ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબકતા નદી, કોતર, તળાવો છલકાયા હતા. જ્યારે સૌથી ઓછો વરસાદ મોડાસામાં ફક્ત ૨૫ એમ.એમ. પડ્યો હતો. લાંબા સમયથી વરસાદની રાહ જોતા ખેડૂત આલમે રાહતનો દમ લીધો હતો.

અરવલ્લી જિલ્લામાં દર વર્ષે જૂન માસથી મેઘરાજાની મહેર ચાલુ થતી હોય ચાલુ વર્ષે જૂન માસમાં નહિવત વરસાદ નોંધાતા ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ લોકો સહિત દરેક નાગરિકોમાં ચિંતાની લકીરો ખેંચાઈ હતી. ખેતી પર નિર્ભર પરિવારો દરરોજ મેઘરાજાને મનાવવા પૂજા-અર્ચના, પ્રાર્થના સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ મેઘરાજાને રીસાવવા મથામણ કરતા હતા. જો કે જુલાઈ માસના શરૂઆતના દિવસોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા લોકોએ હાશકારો અનુભવ્યો છે. અરવલ્લી જિલ્લામાં રવિવારે મોડી રાત્રે શરૂ થયેલા મેઘરાજાએ ૧૮ કલાકમાં તો ચોતરફ પાણી પાણી કરી દીધા છે. સુકાભઠ્ઠ થયેલા નદી, કોતર, તળાવો નાળા વગેરેમાં પાણીનો પ્રવાહ આવતા વહેતા થયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાં પાણીથી કેટલાક વિસ્તારોમાં ભરાઈ ગયા હતા. શાંતિપૂર્ણ માહોલમાં મન મુકીને અનાધાર થયેલ વરસાદથી ખેડૂતોમાં નવી આશાનું સિંચન થયું છે. સૂકીભઠ્ઠ બનેલ ધરા વરસાદી પાણીથી તૃપ્ત થતા હવે ગામોમાં પાણીની સૌથી મોટી સમસ્યાનું નિરાકરણ થશે.

જિલ્લા ફલડ કંટ્રોલ પાસેથી મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે ૩ વાગ્યાથી સોમવારે ચાર વાગ્યા સુધી સૌથી વધુ વરસાદ માલપુર તાલુકામાં ૧૨૯ એમ.એમ., ભિલોડામાં ૩૧ એમ.એમ., બાયડમાં ૪૩ એમ.એમ., મેઘરજમાં ૭૭ એમ.એમ., ધનસુરામાં ૧૦૩ એમ.એમ. અને સૌથી ઓછો વરસાદ મોડાસા તાલુકામાં ૨૫ એમ.એમ. નોંધાયો હતો.




### પાલનપુરમાં મેઘરાજાનું આગમન

ચોમાસાની ઋતુના પ્રારંભની આશા હવે જીવંત બની છે. છેલ્લા કેટલાય દિવસોથી અસહ્ય ગરમીના અનુભવ કર્યા બાદ આજે મેઘાએ એન્ટ્રી કરતા વરસાદની આશા જીવંત બની છે. બનાસકાંઠા જિલ્લામાં વહેલી સવારે ઘમઘોળ વાદળછાયા વાતાવરણ બાદ મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. આજે જિલ્લા મથક પાલનપુરમાં આજે સવારે સારૂ એવુ વરસાદનું ઝાપટુ પડ્યું હતું. લગભગ દસેક મિનિટ સુધી વરસાદી ઝાપટુ પડતા શહેરના માર્ગો પર વરસાદી પાણી વહેતા નજરે પડ્યા હતા. મોસમનો પ્રથમ વરસાદ પડતા શહેરીજનો ખુશખુશાલ થઈ ગયા હતા. તો ક્યાંક શહેરના એક મકાન પર પારેવડાનું સમૂહ ગરમીથી રાહત અનુભવી રહ્યુ હોય એવા દશ્યો કેમેરામાં કેદ થયા હતા. જો કે પ્રથમ વરસાદ બાદ લોકોએ ગરમીથ હાંશકારો અનુભવ્યો હતો. જો કે થોડીક વારમાં વરસાદ બંધ થઈ જતા બફારાનું આક્રમણ વધ્યુ હતુ. જેના લીધે શહેરીજનો પરસેવે રેબઝેબ બની ગયા હતા.

## હિંમતનગર તાલુકાના કાનડા ગામના જમીન મહેસુલના રેકર્ડમાં વ્યાપક છબરડા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના કાનડા ગામના જમીન મહેસુલના રેકર્ડમાં વ્યાપક છબરડા હોવાથી સ્થાનિક ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ત્યારે કાનડા ગામની જાગીરી રેકર્ડની ચકાસણી કરવા માટે ગ્રામજનોએ ધારસભ્ય સમક્ષ રજુઆત કરી હતી.

આ અંગેરજુઆત કરતા કાનડા ગામના અગ્રણી ઝાલા દલજીતસિંહ, ઝાલા દિવાનસિંહ, ઝાલા કિતીસિંહ બાલુસિંહ સહિતનાઓએ જણાવ્યુ હતું કે હિંમતનગર તાલુકાના કાનડા ગામની ૧૯૬૭ થી ૧૯૬૮ના અરસામાં સરકારની સીધી સુચનાઓ, પરિપત્રો અને હુકમથી સર્વેની કામગીરી કરવામાં આવી હતી. તેમજ સીમાડાઓ કાયમ કરવામાં આવી હતી તેવું સરકારના સક્ષમ અધિકારીઓ લાગતી વળગતી કચેરીઓ મારફતે રેકર્ડની માહિતી પુરી પાડી હતી. ઈલોલ ગામનું પ્રમોલગેશન ૧૯૯૩, ૧૯૯૪નાવર્ષમાં કરવામાં આવ્યુ હતું. કાનડા ગામનું જાગીરી રેકર્ડ સને તા.૧૭/૧૨/૧૯૫૯ના રોજ આંક નં.૪૮થી હિંમતનગર મામલતદાર કચેરીને સોંપવામાં આવ્યુ હતું. જે જાગીરી રેકર્ડ બ્રિટીશ એજન્સી વખતનું હતું. ત્યારે અરજદારના જાગીરદારોએ સોંપેલી રેકર્ડના પરવાનાની સટીફાઈડ નકલ પુરી પાડવા અધિકારીઓને ભલામણ કરવા બાબતની માગણી કરી છે. ઉપરાંત તા.૧૮/૦૪/૨૦૧૬ના રોજ લોકસંવાદ સેતુમાં પણ પ્રશ્ન નં.૯૧-૯૨ના સંદર્ભમાં ન્યાયિક તપાસ કરવા તથા જવાબદારો સામે ખાતાકીય તપાસ કરવાની માગણી કરી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાને કાનડા ગામનું જમીન મહેસુલનું રેકર્ડ પુનઃ વ્યવસ્થાપિત કરાય તેવી માગણી કરી હતી.

### હિંમતનગરની રાજેશ્વરી સોસાયટીમાંથી સગીરાનું અપહરણ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની રાજેશ્વરી સોસાયટીમાંથી ત્રણેક દિવસ અગાઉ કોઈ અજાણ્યો શખ્સ સગીરાનું અપહરણ કરી ભગાડી જતા સગીરાના પિતાએ અપહરણની ઘટના અંગે રવિવારે હિંમતનગરના એ-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે.

એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર શહેરની રાજેશ્વરી સોસાયટીમાં રહેતી એક સગીરાનું ત્રણેક દિવસ અગાઉ એટલે કે તા.૩૦ જૂનના રોજ છથી સાતેક વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી ભગાડી જતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ગુમ થયેલી દિકરીને શોધવા પરિવારજનોએ મથામણ કર્યા બાદ પણ કોઈ પત્તો ન મળતા છેવટે થાકી રવિવારે સગીરાના પિતાએ હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણના મામલે ગુનો દર્જ કરી સગીરાની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

## હિંમતનગરમાં મોબાઈલ રીચાર્જ કરવાના મામલે ઝઘડો થતાં ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના સ્ટેશન રોડ પર સોમવારે બપોરના સુમારે મોબાઈલ જલ્દી રીચાર્જ કરી આપવાના મામલે ગાળો ભાંડતા યુવકને ગાળો ન બોલવાનું કહેતા ભાટવાસમાં રહેતા યુવકે ગડદાપાટુનો માર મારી હાથમાં પહેરેલો લોખંડનો પંચ (મૂઠ) યુવકના માથામાં ઝીંકી દેતા મામલો ગરમાયો હતો. જે ઘટના સંદર્ભે બગીચા વિસ્તારમાં રહેતા યુવકે રિક્ષાચાલક સહિત ત્રણ યુવકો વિરૂધ્ધ સોમવારે હિંમતનગરના બી-ડીવીઝનમાં મામલો દર્જ કરાવ્યો હતો. ભાટવાસમાં રહેતા ભરત ભાટ, બરેલી મીલ પાસે રહેતા અજય ડબગર રિક્ષા ચાલક સાથે બગીચા વિસ્તારમાં રહેતા સુનિલકુમાર ચંદુલાલ સીંધીની દુકાને રવિવારે મોબાઈલ રીચાર્જ કરાવવા ગયા બાદ મોબાઈલ કેમ જલ્દી રીચાર્જ કરી આપેલ નહિ તેમ કહી ગાળો ભાંડી તકરાર કરી હતી. હાજર પંકજસિંહ ઉર્ફે પ્રવિણસિંહએ મોબાઈલ રીચાર્જ કરાવવા આવેલા ત્રણેય યુવકોને ગાળો ન બોલવા કહ્યું હતું. જેથી સોમવારે બપોરના સુમારે સ્ટેશન રોડ પર ઉભેલા પંકજસિંહને ગડદાપાટુનો માર મારી ભરત ભાટ નામના યુવકે હાથમાં પહેરેલો લોખંડનો પંચ (મૂઠ) માથામાં ઝીંકી દેતા ઈજાઓ પહોંચી હતી.



### પ્રાંતિજમાં મેઘરાજાની પધરામણી

પ્રાંતિજ તથા તાલુકાના મેઘરાજાની પધરામણી થતાં લોકોને ગરમીમાં રાહત થઈ હતી. જ્યારે અનેક જગ્યાએ ભૂવાઓ પડતા વાહનો ફસાયા હતા. જ્યારે ખેડૂતોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. પ્રાંતિજમાં માત્ર એક ઈંચ વરસાદ મા જ ઠેર ઠેર પાણી ભરાયા હતા. જેમાં હાઈવે ઉપર ગોકુલ પાર્ક સોસાયટી, આશીર્વાદ સોસાયટી, હરિઓમ પાર્ક સોસાયટી, રેલવે સ્ટેશન વગેરે સોસાયટીઓમાં એક ફૂટ સુધી પાણી ભરાતા સોસાયટીના રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા અને પાલિકા ડીઝાસ્ટર વિભાગ દોડતુ થયું હતું અને તાત્કાલિક સ્થળો ઉપર જઈ પાણીનો નિકાલ કર્યો હતો. જ્યારે ભાખરીયાથી રેલવે સ્ટેશન સુધીમાં ભૂવાઓ પડતા એક ડઝનથી પણ વધારે નાના મોટા વાહનો ફસાતા ટ્રાફિક જામની પરિસ્થિતિ પેદા થઈ હતી. જ્યારે કાગડોળે રાહ જોવાતાં મેઘરાજાની પધરામણી થતાં પ્રાંતિજ તથા તાલુકાના ખેડૂતોમાં પણ ખુરશીનો માહોલ જોવા મળ્યો છે.

# ભિલોડામાં મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીની લહેર





અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વીજળીના કડાકા-ભડાકા સાથે મેઘગર્જના થયા બાદ વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર પધરામણી થતાં ખેડુતોમાં ખુશીની લહેર પ્રસરી હતી. વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી.ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ સીમ વિસ્તારોમાં કપાસ, મગફળી, દિવેલા, મકાઈ, તુવેર, અળદ સહિત વિવિધ પ્રકારના મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળેલ છે. ધીમી-ધીમી ધારે મેઘરાજાની ધમાકેદાર પધરામણીના પગલે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકામાં ક્યાંક-ક્યાંક ધીમી ધારે તો ક્યાંક-ક્યાંક ધોધમાર વરસાદ આવતા ખેડુતો અને ખેતમજુરો ખેતીના કામકાજમાં પરોવાયા છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલ સામે વરસાદી પાણીનો ભરાવો થતાં વાહન ચાલકો,પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા ત્યારે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ભિલોડા ટી.ડી.ઓ.જે.બી.મોડીયા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ સહિત વહીવટી તંત્રના અધિકારીઓએ જે.સી.બી. મારફતે તાબડતોબ કાદવ-કિચડ હટાવી વરસાદી પાણીનો નિકાલ કરાયો હતો.

### મુરઝાતા ખેતીના પાકોને જીવનદાન

ભિલોડામાં ઠેર-ઠેર હાઈસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ખાડા-ખાબોચીયા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા.

મેઘરાજાની પધરામણી થાય ત્યારે અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ લાઈટો બંધ હોય ત્યારે પ્રજાજનોના ફોન ઉપાડતા નથી ? જાગૃત પ્રજાજનો વરસાદી માહોલમાં ભારે મુશ્કેલીમાં મુંકાતા હોય છે.અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહીવટ ચાલતો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા મઉં ચાર રસ્તા પાસે પ્લાસ્ટીકની તાડપત્રીનું ધુમ વેચાણ ચાલી રહ્યું છે ત્યારે આજે વહેલી સવારે મેઘરાજાની પધરામણી થતાં એકા-એક પ્લાસ્ટીકની તાડપત્રીના ભાવમાં ધરખમ ભાવવધારો વેપારીઓ ધ્વારા કરાયો છે.